RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

✻Editor : Pradip A. Raval (Mo) 98246 53073 ✻ Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

✻ Volume : 11 ✻ Issue No. 95 ✻ Date: 24.01.2025,Friday ✻ Page :04 ✻ Rs. 1.00/- ✻ Annual Rs. 351/-

## નેતાજી સુભાષ ચંદ્રની ૧૨૮મી જન્મજયંતિ, PM મોદીએ શ્રદ્ધાંજલિ આપી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સુભાષ ચંદ્ર બોઝને તેમની ૧૨૮મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી. સંસદના સેન્ટ્રલ હોલમાં એક ખાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પીએમ મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રક્ષા મંત્રી રાજનાથ સિંહ હાજર રહ્યા હતા. આ દરમિયાન પીએમ મોદીએ ત્યાં હાજર બાળકો સાથે વાતચીત પણ કરી હતી. પીએમએ બાળકો સાથે જય હિન્દના નારા પણ લગાવ્યા હતા.આ પહેલા સોશિયલ મીડિયા પોસ્ટમાં ઁએ લખ્યું- ભારતની સ્વતંત્રતા આંદોલનમાં તેમનું અદ્ભુત યોગદાન છે. તેઓ હિંમત અને ધિરજના પ્રતીક હતા. તેમનું વિઝન અમને પ્રેરણા આપતું રહે છે, અમે તેમના સપનાના ભારતનું નિર્માણ કરવા માટે કામ કરીએ છીએ.૨૩ જાન્યુઆરીએ શિવસેનાના સંસ્થાપક બાળા સાહેબ ઠાકરેની ૯૯મી જન્મજયંતિ પણ છે. પીએમ મોદી, અમિત શાહે તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. અહીં, શિવસેના યુબીટી નેતા સંજય રાઉતે કહ્યું- જો શિંદે, દેવેન્દ્ર ફડણવીસ જેવા લોકો બાળાસાહેબ ઠાકરેને ટ્વિટર પર શ્રદ્ધાંજલિ આપે છે, તો તે સૌથી મોટો દંભ છે.સંજય રાઉતે કહ્યું, બાળાસાહેબ ઠાકરેને ભારત રત્ન એવોર્ડથી સન્માનિત કરવા જોઈએ. આ માટે સરકારે પ્રજાસત્તાક દિવસ દરમિયાન ૨૬ જાન્યુઆરીએ જાહેરાત કરવી જોઈએ.

સુભાષ ચંદ્ર બોઝનો જન્મ ૨૩ જાન્યુઆરી ૧૮૯૭ના રોજ એક સમૃદ્ધ પરિવારમાં થયો હતો. સુભાષજીના પિતા જાનકીનાથ બોઝ વકીલ હતા. તેમનું પ્રારંભિક જીવન ઓડિશાના કટકમાં વિત્યું હતું. તેમના ૯ ભાઈ- બહેન હતા. સુભાષ શરૂઆતના દિવસોથી જ તેજસ્વી વિદ્યાર્થી હતા, તેથી તેઓ કટકથી કલકત્તા આવ્યા અને પ્રખ્યાત પ્રેસિડેન્સી કોલેજમાં એડમિશન લીધું હતું.સુભાષ ચંદ્ર બોઝે કલકત્તાની સ્કોટિશ ચર્ચ કોલેજમાંથી બીએ કર્યું હતું. બાદમાં લંડન ગયા હતા. જ્યાં તેણેઁઝજી પરીક્ષામાં મેરિટ લિસ્ટમાં ચોથું સ્થાન મેળવ્યું હતું. બોઝ ઈંગ્લેન્ડમાં અભ્યાસ કરીને ભારત પરત ફર્યા ત્યારે તેમની ઉંમર ૨૫ વર્ષની હતી.

૪ જુલાઈ ૧૯૪૩ના રોજ, સિંગાપોરના કેથે ભવન ખાતે આયોજિત એક ઐતિહાસિક સમારોહમાં, રાશ બિહારી બોઝે આઝાદ હિંદ ફોજની કમાન નેતાજી સુભાષ ચંદ્ર બોઝને સોંપી હતી. નેતાજી આઝાદ હિંદ ફોજના સેનાપતિ બન્યા. સુગત બોઝ લખે છે કે બીજા દિવસે ૫ જુલાઈએ ૧૦.૩૦ વાગ્યે યુનિફોર્મમાં પરેડ થઈ હતી. તે સમયેઁદ્વછના ૧૨ હજાર સૈનિકો હાજર હતા. નેતાજી પણ લશ્કરી વર્દીમાં જ હતા.નેતાજીએ કહ્યું, 'આઝાદ હિંદ ફોજે યુદ્ધની જાહેરાત કરી છે. ચાલો આપણે ગુલામ લોકો માટે દિલ્હી જઈએ...સૈનિકો, હું સુખ-દુઃખ, તડકો અને છાંયડો દરેક સમયે તમારી સાથે રહીશ. હું તમને ભૂખ, તરસ, અને મૃત્યુ સિવાય કશું જ આપી શકીશ નહીં, પણ જો તમે મારુ અનુકરણ કરશો તો હું તમને આઝાદી અને જીત તરફ દોરી જઈશ.'

૧૮૪૫માં બ્રિટિશ સરકાર નેતાજીની પાછળ પડી ગઈ હતી. તેથી તેમણે રશિયા પાસેથી મદદ માંગવાનું નક્કી કર્યું. ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫ના રોજ તેણે મંચુરિયા તરફ ઉડાન ભરી. પાંચ દિવસ પછી, ૨૩ ઓગસ્ટ, ૧૯૪૫ના રોજ, ટોક્યો રેડિયોએ અહેવાલ આપ્યો કે દ્વૈ-૨૧ બોમ્બર પ્લેન તાઈહોકુ એરપોર્ટ નજીક ક્રેશ થયું છે. તેમાં મુસાફરી કરી રહેલા સુભાષ ચંદ્ર બોઝ ગંભીર રીતે દાઝી ગયા હતા અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.વિશ્વભરની ૧૦થી વધુ સમિતિઓએ સુભાષ ચંદ્ર બોઝના મૃત્યુની તપાસ કરી છે. સ્વતંત્ર ભારતની સરકારે ત્રણ વખત આ ઘટનાની તપાસનો આદેશ આપ્યો હતો. અગાઉ બંને વખત પ્લેન ક્રેશને અકસ્માતનું કારણ કહેવામાં આવ્યું હતું. ત્રીજી તપાસમાં કહેવાયું છે કે ૧૯૪૫માં કોઈ પ્લેન ક્રેશની ઘટના થઈ ન હોતી.

## ગાંધીનગર મહાનગરપાલિકાનું ૧૭૪૪ કરોડનું બજેટ:આંતરરાષ્ટ્રીય સ્તરના શહેર માટે ક્રિકેટ સ્ટેડિયમથી માંડી ફાયર સ્ટેશન સુધીની સુવિધાઓ આપશે



ગાંધીનગર મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ. ૧૭૪૪. ૨૧ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું છે, જે ગત વર્ષની સરખામણીએ ૩૮ ટકાનો વધારો દર્શાવે છે. કમિશનર જે.એન. વાઘેલાએ વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૨૬ અને ૨૦૩૬ના ઓલિમ્પિકને ધ્યાનમાં રાખીને આ બજેટ તૈયાર કર્યું છે.શહેરના વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટસની જાહેરાત કરવામાં આવી છે. રાંધેજા વિસ્તારમાં જિલ્લા કક્ષાનું ક્રિકેટ સ્ટેડિયમ બનશે, જ્યારે વાવોલમાં ૨૩ કરોડના ખર્ચે ગાર્ડન અને પાંચ આંબા તળાવનું નિર્માણ થશે. શહેરની સુંદરતા વધારવા ત્રણ કરોડના ખર્ચે ફ્લાવર શો યોજાશે અને વિવિધ સ્થળોએ આકર્ષક સર્કલો બનાવવામાં આવશે. આરોગ્ય સુવિધાઓમાં રાંધેજા, સરગાસણ અને કોટેશ્વર ખાતે નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા ત્રણ ઝોનમાં આયુષ સેન્ટર્સ બનશે. શિક્ષણ ક્ષેત્રે રાંધેજા, પેથાપુર, સેક્ટર-૧૫ સહિત અનેક સ્થળોએ નવી શાળાઓ અને આંગણવાડીઓનું નિર્માણ થશે.સુરક્ષાને ધ્યાનમાં રાખીને અમિયાપુર, ખોરજ અને વાવોલમાં નવા ફાયર સ્ટેશન બનાવવામાં આવશે, જેના માટે ૮૦ કરોડના ખર્ચે નવા ફાયર વાહનોની ખરીદી કરાશે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિકાસ કાર્યો હાથ ધરાશે, જેમાં પેથાપુરમાં સ્વિમિંગ પુલ અને યોગા સેન્ટર, કોલવડામાં સિનિયર સિટીઝન પાર્ક, અને વિવિધ સ્થળોએ કોમ્યુનિટી હોલ અને લાયબ્રેરીનું નિર્માણ સામેલ છે.

## જુનાગઢમાં ૩૨ વર્ષીય યુવકનું મોત, પીએસઆઇની ભરતીની પરીક્ષા બાદ આવ્યો હાર્ટ એટેક




રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી હાર્ટ એટેકના કિસ્સાઓ વધતા જાય છે. એમાં પણ ખાસ કરીને નાની ઉંમરના યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધતું જતું જોવા મળી રહ્યું છે . બુધવારે સુરતના વાવમાં પોલીસ ભરતીની શારીરિક કસોટી દરમિયાન ૫ કિલોમીટરની દોડ લગાવી રહેલા યુવકને હાર્ટ એટેકના લીધે મોત નિપજ્યું હતું. ત્યારે હવે જુનાગઢથી પણ કરૂણ કિસ્સો સામે આવ્યો છે. જેમાં પીએસઆઈની ભરતીની પરીક્ષા બાદ મિત્રને ઘરે પહોંચ્યો હતો, તે દરમિયાન હાર્ટ એટેક આવતાં તે મોતને ભેટ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર જુનાગઢમાં મિત્રના ઘરે રહીને સ્પર્ધાત્મક તૈયારી કરી રહેલા મૌલિક કિશોરભાઇ બારૈયા (૩૨વર્ષ) નામના વિદ્યાર્થીનું મોત નીપજ્યું છે. મૌલિક પોલીસ ભરતીની શારીરિક કસોટી માટે જુનાગઢ આવ્યો હતો. શારીરિક કસોટી બાદ તે પોતાના મિત્રના ઘરે હતો, જ્યાં તેને અચાનક હાર્ટ એટેક આવતાં ઢળી પડયો હતો અને મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસે વિદ્યાર્થીના પરિવારજનોને જાણ કરી હતી અને મૃતદેહને પોસ્ટ મોર્ટમ ખાતે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

## ૩૨ કરોડના ખર્ચે બનેલા આઈકોનિક રોડનું અયોગ્ય આયોજન

ગાંધીનગરમાં ભાઈજીપુરાથી ગિફ્ટ સિટી સુધીના ૬ કિલોમીટર લાંબા આઈકોનિક રોડની કામગીરીમાં તંત્રની બેદરકારી સામે આવી છે. ૩૨ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા આ રોડને હવે ગટર અને પાણીની પાઈપલાઈન નાખવા માટે ફરીથી ખોદવામાં આવી રહ્યો છે.વાઈબ્રન્ટ ગુજરાત સમિટ અંતર્ગત માત્ર ૬૦ દિવસમાં તૈયાર કરાયેલા આ રોડમાં લેન્ડસ્કેપિંગ, સાઈકલ ટ્રેક, વૉકિંગ ટ્રેક, પંચમેશ્વર જંક્શન, આઈકોનિક આઈલેન્ડ અને સિગ્નેચર ગાર્ડનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પંચમેશ્વર સર્કલ પર અને આજુબાજુના આઈલેન્ડ પર ૬,૦૦૦ જેટલા ફૂલછોડ વાવવામાં આવ્યા હતા.શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બીહોલાના જણાવ્યા અનુસાર, મ્યુનિસિપલ કોર્પોરેશને વિકાસ કાર્યો કરતા પહેલા સંબંધિત વિભાગો સાથે યોગ્ય સંકલન કરવું જોઈતું હતું. આ બેદરકારીને કારણે હવે રોડને ફરીથી રિપેર કરવો પડશે, જે પ્રજાના ટેક્સના નાણાંનો વધારાનો બોજ બનશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ આઈકોનિક રોડની મુલાકાત લઈ ચૂક્યા છે.



## નલિયા સામૂહિક દુષ્કર્મ કેસઃ તમામ ૮ આરોપી નિર્દોષ જાહેર, ભુજ સેશન્સ કોર્ટનો ચુકાદો

કચ્છ જિલ્લાના નલિયા સામૂહિક દુષ્કર્મ કેસ મામલે ભુજ સેશન્સ કોર્ટે ચુકાદો આપ્યો છે. જેમાં ૮ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૭ના કેસમાં ભાજપના કેટલાક નેતાઓના નામ ખુલ્યા હતા. જ્યારે કેસ મામલે ફરિયાદી પીડિતા હોસ્ટાઈલ થઈ જતાં કેસ નબળો બન્યો. બીજી તરફ, પુરાવાના અભાવે કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યા. નલિયા સામૂહિક દુષ્કર્મ કેસની ચકચારી ઘટનાને લઈને સરકારે કેસની તપાસ માટે SITની રચના કરી હતી. ભાજપના નેતાઓને સાંકળતા નલિયા દુષ્કર્મ કેસ મામલે ભુજ સેશન્સ કોર્ટે ચુકાદો આપ્યો છે. જેમાં ભુજ સેશન્સ કોર્ટ દ્વારા ૨૦૧૭ના નલિયા સામૂહિક દુષ્કર્મ કેસમાં ચુકાદો આપીને તમામ ૮ આરોપીને નિર્દોષ જાહેર કર્યા છે. કેસના ટ્રાયલ માટે રાજ્ય




સરકાર દ્વારા ખાસ સરકારી વકીલની પણ નિમણૂક કરવામાં આવી હતી. કચ્છના નલિયામાં દુષ્કર્મની પીડિતાએ ૨૫ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ ફરિયાદ નોંધાવી હતી. આ પછી પોલીસે એક મહિનાની અંદરમાં તમામ આરોપીની ધરપકડ કરી લીધી હતી. જ્યારે કેસમાં ભાજપના નેતાના નામ સામે આવતા રાજકીય હોબાળો મચ્યો હતો. જેમાં ભાજપ સાથે સંકળાયેલા આરોપીઓને પાર્ટી દ્વારા સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. કેસની ગંભીરતાને જોતા સરકાર દ્વારા ખાસ સરકારી વકીલની નિમણૂક કરી હતી. તેમજ કેસની તપાસ માટે SITની રચના કરાઈ હતી. પરંતુ કેસની મુખ્ય સાક્ષી ફરિયાદી પીડિતા હોસ્ટાઈલ થઈ જતાં કેસ નબળો બન્યો હતો. જ્યારે પુરાવાના અભાવે કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યા.

## પાટણમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહનઃઆનંદ સરોવર ખાતે ખેડૂતો દ્વારા ઝેર મુક્ત ઉત્પાદનોનું સીધું વેચાણ

પાટણ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને વેગ મળ્યો છે, જેના પરિણામે અનેક ખેડૂતોએ રાસાયણિક ખેતીને તિલાંજલિ આપી પ્રાકૃતિક ખેતી અપનાવી છે. આત્મા યોજના અંતર્ગત, ખેડૂતો હવે આનંદ સરોવર નજીક ગુંગડી તળાવ પાસે તેમના પ્રાકૃતિક ઉત્પાદનોનું સીધું વેચાણ કરી રહ્યા છે.ખેડૂતો દ્વારા વેચવામાં આવતી સામગ્રીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓથી મુક્ત એવા શાકભાજી, ફળફળાદી, કઠોળ, ધાન્ય પાકો, મરી-મસાલા અને તેલનો સમાવેશ થાય છે. આ તમામ ઉત્પાદનોનું મૂલ્યવર્ધન ખેડૂતો પોતે કરે છે અને દરરોજ બપોરે ૧થી સાંજે ૫ વાગ્યા સુધી વેચાણ કરે છે.આ પહેલથી જિલ્લાના નાગરિકોને સરળતાથી પ્રાકૃતિક ખેત પેદાશો મળી રહેશે, જે આરોગ્યપ્રદ અને પર્યાવરણને અનુકળ છે. આ વ્યવસ્થાથી ખેડૂતોને પણ તેમના ઉત્પાદનોનું યોગ્ય વળતર મળી રહે છે અને ગ્રાહકોને પણ શુદ્ધ અને સાત્વિક ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ થાય છે.

## તંત્રી લેખ....

# અમેરિકા ખાતેથી આયાત વધારવા તથા વેપાર કરાર કરવા ભારતની તૈયારી

અમેરિકાના નવા નિયુકત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ભારત તરફ કૂણું વલણ દર્શાવવા રાજી કરવા માટે ભારત સરકાર તેની સાથે વેપાર કરાર, વધુ માલસામાનની આયાત તથા ટેરિફમાં ઘટાડો કરવા જેવા પગલાં લેવા વિચારી રહી છે. આગામી બજેટમાં કસ્ટમ ડયૂટીના દરની સંખ્યા ઘટાડવા ઉપરાંત તેમાં વ્યવહારિકતા લાવવા પણ વિચારાઈ રહ્યું છે. ગયા નાણાં વર્ષમાં અમેરિકા સાથે ભારતને ૩૫.૩૦ અબજ ડોલરની વેપાર પુરાંત રહી હતી. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કોઈપણ સખ્તાઈ ભર્યા પગલાં આ પુરાંતમાં ઘટાડો કરાવી શકે છે. વેપાર પુરાંતને ટકાવી રાખવા ભારત અમેરિકાના પગલાં સામે વળતા પગલાં અંગે પણ વિચારી રહ્યું હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. ગયા નાણાં વર્ષમાં અમેરિકા ભારતનું એક મોટુ વેપાર ભાગીદાર દેશ રહ્યું હતું. અમેરિકા ખાતેથી સ્ટીલ, વ્હીસ્કી તથા ક્રુડ તેલની આયાતમાં ભારત વધારો કરી શકે છે, એટલું જ નહીં કેટલાક પ્રોડકટસ પરના ટેરિફમાં ઘટાડો કરવા પણ વિચારાઈ રહ્યું છે. ટ્રમ્પ સાથે કોઈપણ સંઘર્ષને ટાળવાના ભાગરૂપ આ વિચારણા થઈ રહી છે. આ ઉપરાંત અમેરિકા-ચીનના વચ્ચે કોઈપણ શકય ટ્રેડ વોરનો ભારત લાભ લેવા માગે છે.

# એક વર્ષની બહેનના રુદનથી કંટાળેલા ૧૩ વર્ષના ભાઈએ કરી હત્યા, સુરતમાં બની હચમચાવતી ઘટના

સુરતમાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં માસીયાઈ ભાઈએ પોતાની એક વર્ષની બહેનની હત્યા કરી નાંખી છે. એક વર્ષની બાળકી સતત રડી રહી હતી, જેનાથી કંટાળી ૧૩ વર્ષના કિશોરે તેના મોઢે ઓશીકું દબાવી તેની હત્યા કરી દીધી હતી. એક વર્ષની બાળકીની હત્યાથી પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.સુરત શહેરના નાનપુરા વિસ્તારમાં ૧૩ વર્ષનો કિશોર એક વર્ષ પહેલાં મુંબઈથી માસીના ઘરે રહેવા આવ્યો હતો. આ દરમિયાન માસીની એક વર્ષની




દીકરી કોઈક કારણોસર રડારડ કરતી હતી. જેનાથી કંટાળી કિશોરે ઓશીકાથી બાળકીનું મોઢું દબાવી દીધું હતું. જેનાથી શ્વાસ રૂંધાતા બાળકીનું મોત નિપજ્યું હતું.સમગ્ર બાબતે બાળકીના મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં પોર્સ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. જ્યાં રિપોર્ટમાં બાળકીનું મોત ગૂંગળામણના કારણે થયું હોવાનું સામે આવ્યું હતું. બાદમાં પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, બાળકીની હત્યા થઈ ત્યારે ઘરે ફક્ત ૧૩ વર્ષનો કિશોર અને આ બાળકી જ હાજર હતાં.

## હરણી બોટ દુર્ઘટનાના પીડિત પરિવારોને મોટર વ્હિકલ એક્ટ હેઠળ વળતર ચૂકવાશે

વડોદરા કોર્પોરેશનની સામાન્ય સભામાં ભાજપના કોર્પોરેટર આશિષ જોષીએ હરણી બોટકાંડ અંગે ઉગ્ર રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ વર્ષે કોર્પોરેશનની ભૂલના કારણે કુલ ૩૦ વ્યક્તિઓ જીવ ગુમાવ્યો. બોટકાંડમાં બે શિક્ષિકા અને વિદ્યાર્થીઓ મળી ૧૪ લોકોના મોત થયા, પૂરના કારણે ૧૧ અને ડોર ટુ ડોર વાહનથી ચાર નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. વડોદરામાં પૂર આવ્યું તેમ છતાં હજુ લોકોને પીવાના પાણીની તકલીફ છે.

# સુરત ખાતે શ્રી બાબુલાલ રૂપચંદ શાહ મહાવીર કેન્સર હોસ્પિટલ અને શ્રી ફુલચંદ જયકિશનદાસ વખારિયા સેનેટોરિયમનું લોકાર્પણ કરતા કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે સુરત ખાતે શ્રી બાબુલાલ રૂપચંદ શાહ મહાવીર કેન્સર હોસ્પિટલ અને શ્રી ફુલચંદ જયકિશનદાસ વખારિયા સેનેટોરિયમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ તબક્કે શ્રી અમિતભાઈ શાહે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે તેઓ વર્ષોથી સાર્વજનિક જીવનમાં કાર્યરત છે અને દાતાઓએ બનાવેલી હોસ્પિટલ તેમને જોઈ છે પરંતુ તે બધામાં મહાવીર કેન્સર હોસ્પિટલ અને સેનેટોરિયમ બંને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. તેઓએ કહ્યું કે એક જ છત નીચે કેન્સર માટે આઈડેન્ટિફિકેશનથી લઈને રિહેબિલિટેશન સુધીની તમામ સારવાર અને સુવિધાઓ ઉપલબ્ધ બનાવી છે. આ માટે તેઓએ શ્રીમતી રૂપાબેન મહેતા તેમજ સમગ્ર ટીમ અને દાતાઓના મનપૂર્વક ધન્યવાદ પાઠવ્યા હતા. તેઓએ ઉમેર્યું હતું કે સુરત આજે કુદકે ને ભૂસકે વધી રહ્યું છે પશ્ચિમ ભારતની આર્થિક ગતિવિધિનું કેન્દ્ર પણ બન્યું છે. સુરતની વસ્તી વધવા છતાં સ્વચ્છતા સર્વેક્ષણમાં પુરા દેશમાં તે અવ્વલ પણ રહ્યું છે અને હવે સ્વાસ્થ્ય ક્ષેત્રે પણ જાણીતું બનશે.

શ્રી શાહે આશાવાદ વ્યક્ત કર્યો હતો કે ૨૫૦ કરોડના ખર્ચે ૨.૭૫ લાખ સ્ક્વેર ફૂટમાં ૧૩ માળની ૧૧૦ બેડની આ બિલ્ડિંગ આવનારા દિવસોમાં આર્થિક રીતે નબળામાં નબળા નાગરિકો માટે ઉપચાર અને સંભાળ માટેનું ખુબ સુંદર કેન્દ્ર બનશે. એક રીતે સ્વાસ્થ્યને ક્ષેત્રે સુરતને આત્મ નિર્ભર બનાવવાનું કામ આ હોસ્પિટલથી થયું છે. હવે કેન્સરની સારવાર માટે સુરતવાસીઓને મુંબઈ કે અમદાવાદ નહીં જવું પડે. તેઓએ કહ્યું કે ૧૯૭૮ થી મહાવીર હોસ્પિટલ સ્વાસ્થ્ય સંભાળ માટેની આખી શૃંખલાઓ વિકસાવી રહી છે. આ ઉપરાંત આ હોસ્પિટલમાં માં કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ થી સારવાર શક્ય બનતા ગરીબ માણસોના ગંભીરમાં ગંભીર બીમારીનો ઈલાજ નિશુલ્ક થવાનું પણ શક્ય બનશે.



શ્રી શાહે ઉમેર્યું હતું કે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ઘણા વર્ષોથી કામ કર્યું છે. શ્રી મોદીજીએ પોતાના જીવનમાં અનેક યુગ પરિવર્તનકારી કહી શકાય તેવા કાર્યો કર્યા પણ તે સૌમાં આયુષ્યમાન ભારત યોજના લાવીને આદરણીય મોદીજીએ ખૂબ મોટું કામ કર્યું છે અને જેના કારણે આજે કરોડો ગરીબોને માનસિક તાણમાંથી મુક્તિ મળી રહે છે. આદરણીય મોદીજીએ ૫ લાખ સુધીનો ઈલાજ ફ્રી ઓફ કોસ્ટ કરવાથી લગભગ ૬૦ કરોડ લોકોને ઈલાજના ખર્ચની ચિંતામાંથી મુક્તિ આપવાનું કામ કર્યું છે. આ ઉપરાંત ૭૦ વર્ષથી ઉપરના તમામ લોકો માટે દસ લાખ સુધીની નિશુલ્ક સારવાર પૂરી પાડવાથી આજે તમામ સિનિયર સિટીઝન લોકો સન્માન સાથે જીવન જીવી શકે છે. તેઓએ કહ્યું કે ૧.૭૫ લાખ આયુષ્યમાન આરોગ્ય મંદિર બન્યા બાદ આઠ વર્ષમાં ૩૧૭ કરોડ દર્દીઓએ ફૂટ ફોલ સાથે ફ્રી ઈલાજ મેળવ્યો છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર ભારતમાં સ્વાસ્થ્ય ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યું છે. આજે ૭૧ કરોડ આભા કાર્ડ, ૬૪ હજાર કરોડ રૂપિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં અને પ્રધાનમંત્રી જન ઔષધી યોજના હેઠળ ૧૦,૦૦૦ દુકાનો પાછળ ૨૫ હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. તેઓ કહ્યું કે ૭૫ વર્ષમાં મેડિકલ કોલેજો ૩૮૭ હતી જે આજે વધીને ૭૬૬ થઈ છે અને તેમાં પણ ૧૫ વિભાગોમાં ફ્રી ઓફ કોસ્ટ સારવાર આપવામાં આવે છે. પ્રતિ વર્ષ ૫૧ હજાર ડોક્ટર બહાર આવતા હતા. આજે ૧.૧૫ લાખ એમબીબીએસ ડોકટર અને ૭૩ હજાર પીજી ડોક્ટર બહાર આવી રહ્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં આરોગ્ય ક્ષેત્રને હોલિસ્ટિક એપ્રોચ અને સંપૂર્ણતાના દ્રષ્ટિકોણ સાથે ઉપર ઉઠાવવાનું કામ કર્યું છે.

**શ્રી મોદીજીએ અનેક યુગ પરિવર્તનકારી કાર્યો કર્યા પણ તે સૌમાં આયુષ્યમાન ભારત યોજના થકી તેઓએ ખૂબ વિશાળ કામ કર્યું હોવાનું જણાવતા શ્રી અમિતભાઇ શાહ**

**--------------**

**કોંગ્રેસના વખતમાં હેલ્થ સેક્ટરના ૩૭ હજાર કરોડ બજેટને વધારીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ત્રણ ગણું ૯૮ હજાર કરોડ કરવામાં આવ્યું હોવાનું જણાવતા શ્રી અમિતભાઇ શાહ**

**----------------**

**વિવિધ પહેલ અને આયામોના માધ્યમથી વ્યક્તિ માંદો જ ન પડે તેવા પ્રયત્નો અને કદાચ પડે તો પણ નિશુલ્ક સારવાર મળે તેવું હેલ્થ કેર ક્ષેત્રે આમૂલ પરિવર્તન આદરણીય મોદીજીએ કર્યું - શ્રી અમિતભાઇ શાહ**

**----------------**

**સુરત સ્વછતા સર્વેક્ષણમાં અવ્વલ રહ્યું અને હવે સ્વાસ્થ્ય ક્ષેત્રે પણ આત્મનિર્ભર બની રહ્યું છે – શ્રી અમિતભાઇ શાહ**

શ્રી શાહે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત અભિયાન, ફિટ ઇન્ડિયા, પોષણ મિશન, મિશન ઈન્દ્ર ધનુષ, જલજીવન મિશન હેઠળ પોણા ભાગના ભારતને શુદ્ધ પીવાનું પાણી સાથે સાથે આયુર્વેદને બળ આપવું, નિયમિત યોગ અભ્યાસ અને ખેલો ઇન્ડિયા જેવા પ્રકલ્પોની મદદથી વ્યક્તિ બીમાર જ ન પડે તેવા પણ પ્રયત્નો કર્યા છે. વ્યક્તિ માંદો જ ન પડે અને કદાચ પડે તો તે માટે હેલ્થ કેર ક્ષેત્રે આમૂલ પરિવર્તન આદરણીય મોદીજીએ કર્યું છે. તેઓએ કહ્યું કે કોંગ્રેસના વખતમાં ૧૯૧૩૦ ૧૪માં હેલ્થ સેક્ટરનું બજેટ ૩૭ હજાર કરોડ હતું જેને ત્રણ ગણું વધારીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૯૮ હજાર કરોડ કરવામાં આવ્યું છે. ગરીબોથી લઈ અને ધનિક સુધીના તમામના આરોગ્યની ચિંતા શ્રી મોદીજીએ કરી છે. શ્રી શાહે અંતમાં મહાવીર કેન્સર હોસ્પિટલના તમામ ટ્રસ્ટીશ્રીઓ અને દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને કદાચ કોઈ ગરીબ પાસે કોઈ કાર્ડ ઉપલબ્ધ ન હોય તો પણ સારવારમાં કચાશ ન રહે તેવી અપીલ પણ કરી હતી.

સુરત ખાતેના આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, મહાવીર કેન્સર હોસ્પિટલના અધ્યક્ષ શ્રીમતી રૂપાબેન મહેતા, સુરત શહેર ભાજપા અધ્યક્ષ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, દાતાશ્રીઓ, જૈન શ્રેષ્ઠીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# રાધારાણીની સ્કૂટી શિયાળામાં કેમ શરૂ ન થઇ?

‘ તૌબા. તૌબા. તૌબા!’ રાધારાણી આટલું બોલ્યા. આ વાવાઝોડા પહેલાનો માહૌલ હતો. તોફાન પહેલાની સ્મશાનવત્ શાંતિ હતી.મેં રાધારાણીના શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા કરી છાપાની બખોલમાંથી મારું માથું બહાર કાઢવું મુનાસિબ માન્યું નહી. શાહમૃગની જેમ રેતીમાં માથું ખોસેલું રાખો એટલે નીલોફર, હરિકેન, કેટરીના , તાઉતે લોફર વગેરે વાવાઝોડા ઉદભવ્યા જ નથી એવું મંગલમય ભાસે! આ દેખે જરા કિસમે કિતના હૈ દમ કે બમ ?? રાજુ રદી કહે છે કે લોફર નામનું વાવાઝોડું જ નથી. ગિરધરલાલ એટલે મે ખિસ્સામાંથી લોફર વાવાઝોડું કાઢ્યું છે. કહેતા ભી દિવાના સુનતા ભી દિવાના.’

હું તમને કહું છું. તૌબા તૌબા .’ રાધારાણીએ મારું છાપું ઝૂંટવતા ક્રુદ્ધ અને કોપિત સ્વરે કહ્યું.ભજનમાં જ ભંગ પડે તેમ થોડું હોય?વાંચનયજ્ઞમાં તાડકા હાડકા નાંખી ભંગ પાડી શકે છે.

‘ શું થયું એ કૃપા કરી કહેશો પ્રિયે ?’ અમે નાગર નાત સિસ્ટમ અપનાવી. રાધારાણીની તપેલી ફાટું ફાટું થાય એવી ગરમ હતી. એટલે અમે સંપૂર્ણ શરણાગતિ અપનાવી .

‘ ભૈશાબ, તૌબા .તૌબા ,તમારીથી તો તૌબા.’ આમ કહી કાતિલ નજરે મારી સામે જોયું.ખલાસ. એમાં ઘુઘવતા ચાલીસા જેવું હકડેઠઠ તોંફાન હતું જેમાં બારે વહાણ ટાઈટેનિકની જેમ ડૂબી જાય. મા કસમ.રાધારાણીએ કૌશિક મુનિ જેવી આગઝરતી નજર મારી સામે જોયું. હું બગલી હોત તો નિશંકપણે ભસ્મીભૂત થઇ જાત. અધૂરામાં પૂરું હું કયાં ફિનિકસ પંખી છું કે રાખમાંથી સજીવન થઉં? આ તો એક વાત થાય છે.

‘ઓવર રિએકશન વિના વાત કરો.’ અમે હિંમત એકઠી કરી બિલાડીને ગળે બીતા બીતા ઘંટડી બાંધી.

‘ તૌબા આ ખટારાથી!’રાધારાણીએ ગુસ્સાથી કહ્યું. રાધારાક્ષી ગુસ્સામાં કયુટી કયુટી સ્વિટી લાગતા હતા. ગાલ પર લાલાશ ધસી આવેલ. જાણે કોઈએ ચૂંટલો ખણ્યો ન હોય! રાધારાણીએ ખટારો કોને કહ્યો એ પણ ખબર ન પડી. મારા તરફ જોયું એટલે મને ખટારો કીધો હશે?રાધારાણીને મારાથી દોઢ સો ટકા અસંતોષ, ફરિયાદ, નારાજગી છે એ સાડી સતરવાર કબૂલ. અપિતું, મને ખટારો કહે એ હદે જાય એમ નથી. ગમે તેમ આર્યપુત્રી છે. રાધારાણીને તક મળે પતિ પરમેશ્વરનો કચરો જરૂર કરે , પાણીથી પાતળો કરી નાંખે .પણ, મને ખટારા સ્વરૂપ તો ન જ કહે એમાં મીનમેખ નથી.દિલ હૈ કી માનતા નહીં. આવું થોડું મનાય?

‘ હની. તે ખટારો કોને કીધો?’ અમે ડોઢડાહ્યાવેડા આચર્યા .

‘ જે હોય તેમને. તમારે બંધબેસતી પાઘડી, સાફો પહેરવો હોય તો મને વાંધો નથી.’ રાધારાણીએ કોથળામાં પાંચ શેરી ફટકારી.

‘ બોલ પ્રિયે, બોલ. આસમાનમાંથી તારા તોડી લાવું?’ અમે ટીનએજર લવરિયા જેવું કહ્યું .

‘ગિરધરલાલ. તમારા ટાયલાવેડા તમારી પાસે રાખો. તમે વરંડામાં જાવ અને તમારી સગલીને ચાલું કરો.’ રાધારાણીનો અધ્યાદેશ. અમારા માટે કાયદો.કોણ આવી હશે ને કોને ચાલુ કરવાની હશે તેની દ્વિધા, અવઢવ, મૂંઝવણમાં અમે કંમ્પાઉન્ડમાં આવ્યા. અમારી પાછળ ધરતી ધ્રુજાવતા પગ પછાડતા, ગુસ્સામાં બડબડાટ કરતા રાધારાણી ભેંસની જેમ પાછળ આવ્યા. ઓતારી! અમારી સામે સ્કુટી હતી. રાધારાણી આને ખટારો કહેતા હતા. આ તો ખટારી હતી.

‘આને શું થયું છે? શું કરવાનું છે?’ ગર્લફ્રેન્ડના કોમળ ગાલને પસવારતા હોય તેમ મેં સ્કૂટીના સ્ટિયરિંગને આભિજાત્યથી અડકતા પૂછયું. કેવી રિયલ લવ વાળી ફિલિંગ.

‘ તમારી સગલીને ઝોબો આવ્યો છે. મારે જીમમાં વર્કઆઉટ કરવા જવાનું છે અને તમારી સગલી મારી શોકયની જેમ વિતાડે છે.ઓટો સ્ટાર્ટની સ્વિચ દબાવતા આંગળા દુખી ગયા. ખર્ર ખર્ર ખટ સુઉઉઉ અવાજ આવે છે. બેટરી ખલાસ થઇ ગઇ તો મૂઇ મૂંગી થઇ જાય. તમારા સગલીને ચાલુ કરો.’હવે રાધારાણીની સમસ્યા સમજાઈ. સ્કૂટ્ટુ ચાલુ ન થાય એટલે ગોરધનને નિર્ધનની જેમ ફાયર કરે.

‘ ઓહ!ર્ડાલિંગ ઇતની સી ગલ? ડોન્ટ વરી. મેં હૂ ના રરર રાધારાણીઅ!’ મે શાહરૂખની ઈસ્ટાઇલ મારી.

‘ હવે સ્ટાઇલ માર્યા વિના કીક મારો .’
રાધારાણીઅ મને ડંકી ફિલ્મનો હીરો બનાવી દીધો.

‘ ઓકે . ‘ મે કહ્યું. સ્કૂટીનું સાઇડ સ્ટેન્ડ પગેથી ઉંચું કર્યું. સ્કૂટીનું મેઇન સ્ટેન્ડ ચડાવવા પિલિયન રાઇડરની સીટે ચોડેલ લોખંડનો સળિયો પકડી સ્કુટી પાછળથી ઉંચુ કરવાનો પ્રયાસ કર્યો. સ્કુટી ચાલુ કરવાના બહારના ઓર્ડર મળે નહીં અને ઘરના ઓર્ડરમાં ફાવટ નહી. પરિણામે હુ અને સ્કુટી આલિંગનબધ્ધ અવસ્થા કહી શકાય એ રીતે ગબડ્યા . મારા મુખમાંથી એની માને એ પ્રકારની સુરતી સરસ્વતી સુઓ મોટો નીકળે એ પહેલાં સ્કૂટી નીચે હું દબાઇ જતાં લાઇવ ચિસ નીકળી ગઇ. રાધારાણીએ જેમ તેમ કરીને સાપ જેમ કાંચળી કાઢે તેમ મારા શરીર પરથી સ્કૂટી કાઢ્યું .

‘ ગિરધરલાલ . સ્કૂટી ચાલુ કરવું એ બખડજંતર ચેનલ ચલાવવા જેવું બખડજંતર નથી. જેના કામ જેથી થાય. ગધ્ધા ભૂંકે ધોકા ખાય.’ રાધારાણીએ હોલસેલ ઉપાલંભ કર્યો. શિયાળાની ઠંડીમાં વાહન ચાલુ ન થાય એ સ્વાભાવિક છે. ઓઇલ જામી ગયું હોય કે પ્લગમાં કચરો ભરાઇ ગયો હોય. કોઇનો હાથ કે પગ ભાંગ્યો હોય તો દરશિયાળે ભરશિયાળે કળતર થાય અને નાની દાદી બધી યાદ આવી જાય.શિયાળામાં ગમે તે વાહન ઘરવાળીની જેમ અસહકાર કે અવિનય કાનૂનભંગની લડત ચાલું કરે. જેનો ભોગ ગોરધન બને.રાધારાણીની સ્કૂટીએ ‘બડે બે આબરૂ હોકર તેરે કૂચે સે હમ નિકલે ‘જેવી અમારી અવદશા કરી.અમે જેમતેમ કરી સ્કૂટી મોટા સ્ટેન્ડ પર ઉભું કર્યુ. બાઇકની કીક પગથી મારી શકાય તેવી ફાવટ વાળી હોય. સ્કૂટી કે એકટીવાની કીક પાછલા પૈડાની અંદર હોય. આવી કીક મારવાનું ન ફાવે .સ્કૂટીના સ્ટિયરિંગની ડાબી બાજુ એક કાળું બટન હોય. એને ચોક કહેવાય. બ્લેક બોર્ડ પર લખવાનો ચોક સફેદ હોય. સ્કૂટીનો ચોક કાળા રંગનો હોય.ઠંડીમાં સ્કૂટી ચાલુ કરવા ચોક ખેંચવો પડે. મે ચોક ખેંચ્યો. બજાજના સ્કૂટરની મેન્યુફેકચરિંગ ડિફેકટ હોય કે સ્પિશિયાલિટી. જે હોય તે. બજાજના વાહનને ચાલુ કરતા પહેલાં ડાબી બાજુ નમાવવું પડે. પછી કીક બીક મારવાનો પોગરામ કરવો પડે!. સ્કૂટી બજાજ મેઇક ન હોવા છતાં ડાબી બાજુ નમાવ્યું.બજાજ કેપની પ્લેન બનાવતી નથી તેના કારણમાં આ જ ખામી જવાબદાર છે.

‘ લે લેતી જા’ રાધારાણીને ફટકારતો હોય તેવી મધુર કલ્પના કરી અમે પગના ધક્કાથી કીકને નીચે લઇ જવા પૂરો ફોર્સ કર્યો. ગમે તે થયું. અમારા ગ્રહો ખરાબ હશે, બીજું શું? ઉદ્વેગ કે કાળ ચોઘડિયે કીક મારવા પ્રયત્ન કર્યો હશે! કીક પગના પગના પંજામાંથી છટકીને સીધી પગના નળા પર વેગથી અથડાઇ.

‘ ઓય, મા મરી ગયો’ એમ મે મરણતોલ ચીસ પાડી.મો પર પીડાના પીળા ભાવ. ઉભું થવાય નહીં. રાધારાણીના ખભે હાથ મુકી લંગડાતા લંગડાતા ડ્રોઇંગ રૂમમાં જઇ સોફા પર પડતું મુકયું. સોફામાં શેરબજારની જેમ કડાકો થયો.

પછી શું? તમે વાંચકો છો! શેરલોક હોમ્સ , જેમ્સ બોન્ડ કે એસીપી દયા નથી કે બાલની ખાલની છાલ કાઢો છો?? અમે મિકેનિકમ્ શરણમ્ ગચ્છામિ કર્યું! મિકેનિકે સ્કૂટી ચેક કરી.

‘ છેલ્લે ક્યારે પેટ્રોલ ભરાવેલ?’ અમને સવાલ કર્યો. હમ રાધારાણી કો દેખતે રહે, રાધારાણી મુજ કો દેખતી રહી. મિકેનિકના કહેવા મુજબ સ્કૂટીની પેટ્રોલની ટાંકી સરકારી તિજોરીની માફક તળિયાઝાટક હતી. સમ ખાવા પૂરતું પેટ્રોલનું બુંદ ન હતું! પછી સ્કૂટી ઓટો કે મેન્યુઅલ કેવી રીતે સ્ટાર્ટ થાય? મિકેનિકે સચોટ ડાઇગ્નોસિસ કરવાના બે હજાર રૂપિયા ઠોકી લીધા.

લાગે છે કે અમારી કુંડળીમાં આજકાલ શેરબજારની જેમ તમામ ગ્રહો ખાડામાં છે. બધી પનોતી, ઢૈયા, મહાદશા, અંતર્દશા અમારી દશા અને દિશા બગાડી રહી છે.

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NOG SS NO-195

વિષયઃ- ચિતરાઈ જઈશ તારા રંગે, તુ શરુ તો કર થોડા સ્નેહના રંગોથી
શીર્ષકઃ- "ચિતરાઈ જવુ છે"
પ્રકારઃ- પદ્ય કાવ્ય / શબ્દઃ- ૮૬

ચિતરાઈ જવુ છે મુજને ચિત્તચોર તારા રંગથી,
છેતરાઈ જવુ છે મુજને, શ્યામ તારા સંગથી.

કોને કહું કામના ભરી, કાયનાત મારા કૃષ્ણની,
જોતરાઈ જવુ મુજને, જગન્નાથ તારા જંગથી.

સમજાવીને શુ કરુ, સૃષ્ટીને શ્યામનો સંબંધ,
નોતરાઈ જવુ છે મુજને નટવર તારા નંગથી.

રહેવુ છે રાધા સંગાથે કરવા કામ કૃષ્ણ તણા,
કોતરાઈ જવુ છે મુજને કૃષ્ણ તારા ઉમંગથી

કહેવુ મારે કદમ્બને વ્હાલ કરવું છે વૃંદાવનમાં
ગોતરાઈ જવુ છે મુજને ગોવર્ધન તારા ગંગથી

'રમા' રાધા નુ હ્રદય છે, કૃષ્ણ કોમલ કાયનાત,
ઓતરાઈ જવુ અમૃત અવિનાશીના અભંગથી

અમૃત શ્રીમાળી - મહેસાણા

### NOG SS NO-162

વિષય-ચિત્રાઈ જઈશ હું તારા રંગે
શીષઁક- આવે છે નંદનો કિશોર
પ્રકાર-પધ, શબ્દો -૫૫
ઘરે આવે છે નંદ નો કિશોર સુંદર શામળિયા તારો રૂપાળો સુંદર શણગાર સુંદર શામળિયા.

તારા પીળા પીતાંબર મુંગઠડે મોતી તું તો નટખટ નંદનો કિશોર સુંદર શામળિયા.

તારા વાંકડીયા વાળ છે કાળા ભંમર તું તો લાગે છે ચીતડાનો ચોર સુંદર શામળિયા.

તારા કેડે કંદોરો ઘંમકેછે ઘુઘર
તારા વાગે જાંજરનો જાણકાર સુંદર શામળિયા.

તારા ભાલે ટીલડી મારું મન મોહે
તું તો મોરલીમાં લાગે મોહન સુંદર શામળિયાપ

રેખા નાકરાણી..નવી મુંબઈ..??

### : *NOG* *SS* *NO.* *0185*

વિષયઃ " ચિત્રાઈ જઈશ હું તારા રંગે,
તું શરૂ તો કર થોડા સ્નેહના રંગોથી"
શીર્ષક : કૃષ્ણ-રાધા પ્રેમે જીવન
પ્રકાર : પદ્ય (કાવ્ય ) - શબ્દો : ૧૪૫

ચિત્રાઈ જઈશ હું તારા રંગે, તું શરૂ તો કર થોડા સ્નેહના રંગોથી,
રાધાની જેમ તું આવી, કૃષ્ણ બની બાંસુરી વગાડું પ્રીતના સુરોથી,

રાધા જેવા મુખારવિંદને, મારા શબ્દોના રંગે નજાકતને વર્ણવી દઉં,
હાસ્યથી ચમકતા તારા દંતને, સોનેથી મઢી ચમકીલા બનાવી દઉં,
તારા નયનોમાં ઉમંગે ચમકતી રોશનીને, ખુશીઓથી સજાવીને દઉં,
તારી ભીની લાગણીઓને, રાધા પ્રેમને હ્રદયે સમાવી ખુશ કરી દઉં,
અહમ્ ને ઘોળીને પી ગઈ છે તું, સહજતાના પંથે રાધા બની છે તું,
શું તારું ને શું મારુંના અભેદ ભાવે, મોરપીંછ બની સંગી બની છે તું,
શુષ્ક મારા જીવનમાં પ્રેમની ધારાઓ પ્રગટાવીને, શ્રીરાધે બની છે તું,
વૃંદાવનની કુંજ ગલીઓએ, કર્મ સૂરે તન્મયતાએ મોરલી બની છે તું,

સુખથી છલકી નથી રાધે જેમ, દુઃખથી વિચલિત નથી પ્રેમપંથે તું,
પ્રેમની પગથારે સૌને સાથે રાખીને, કૃષ્ણ પ્રેમે અન્નપૂર્ણા બની છે તું,
કૃષ્ણ રાધાની રાસલીલા જેવા, ભક્તિરસે રંગોને વરસાવ્યા છે તે,
'ઝરૂખો' કહે માગ્યું નથી આપ્યું છે, રાધાભાવે પ્રેમ સ્થાપ્યો છે તે.
-દિલીપ સી. સોની 'ઝરૂખો' અમદાવાદ.

### NOG. SS No: 194

વિષય : ચિતરાઈ જઈશ હું સ્નેહના રંગે તું શરૂ તો કર તોડા સ્નેહના રંગોથી.
શીર્ષક : "રાધેશ્યામ મારા પ્રેમના રંગનું સચોટ સંધાન"
પ્રકાર : પદ્ય, શબ્દ : ૧૩૨

" મારા પ્રેમના રંગનું સચોટ લાગતું સંધાન,છે એ મારે મન રાધે શ્યામ,
રંગાઈ જવું છે તારાજ રંગે,જો તું પકડે આ હાથ ઘનશ્યામ.

આઠ પટરાણી સાથે અઢળક રાણી, વળી કૃષ્ણા સખી ન્યારી,
તોય બોલે જગત આખું "રાધેશ્યામ ".. ઈચ્છુ હું એ જ પ્રેમની બલિહારી.

મુરલીમનોહર પ્રેમનો રંગ તારો, ગોરસ સરીખો મેં તો છે દીઠો,
શુદ્ધ,સાત્વિક,સ્નેહલ..લાગ્યો મને તે, તેથી અન્ય સાથે ફાડ્યો મે છેડો.

હે!હરીવર, સ્મરુ તને હું નિત્ય નિરંતર ભક્તિસંગ પ્રેમસભર,
વિકટ સ્થિતિએ બનતો તું મારો આધાર, છે અનુભવ મને એનો ગિરિધર.

મયુર પંખને બંસરી તણી, કિસ્મત મેળવવાની છે મારી પ્રબળ આસક્તિ,
રાધા અને મીરા જેવો પ્રેમ તને કરવાની, માંગુ હું તારી જ કને શક્તિ.

ચિત્રાઈ જઈશ હું સ્નેહના રંગે,તું શરૂ તો કર થોડા સ્નેહના રંગથી,
તારા ચરણોમાં આપી મને તું સ્થાન, મોક્ષ થકી કર મારી મનોકામનાની પૂર્તિ."

ખ્યાતિ જીગર દેસાઈ. (અમદાવાદ.)

### NOG SS No.343

વિષયઃચીત્રાઈ જા ને તું રંગમાં..
શીર્ષકઃ- માર્ગદ્રષ્ટા શ્રીકૃષ્ણ
પ્રકારઃ- પધ. શબ્દોઃ- ૯૦
ગોકુળ વૃંદાવનની વનરાઈમાં બાળસખા રૂપે ગાયો ચારતા માખણ ચોરતો સ્નેહ શીખવતો જોયો ગોવાળીયો કાનો,
ગોપીઓને રાધા સંગ મુરલીનાં નાદે રાસ રમતાં પ્રેમ લાગણીનાં ઉન્માદ શીખવતો જોયો નખરાળો કાનો,
સુદામાનાં સખાથી પાંડવોનાં સારથી રૂપે સ્નેહ સમર્પણનાં પાઠ શીખવતો જોયો પ્યારો કાનો,
મામા કંસને કૌરવો વિરૂદ્ધ અસત્ય સામે સત્યનાં જંગમાં વેર વૈમનસ્યનાં પાઠ શીખવતો જોયો વેરીલો કાનો,
મથુરાથી આરંભ પ્રભાસનાં અંત સુધી પ્રેમ થી વેર નાં જીવનપંથનાં પાઠ શીખવતો જોયો અનોખો કાનો,
" ચંદ્ર " સૂર્યની જેમ પ્રકાશિત સદા 'ભગવત ગીતા' નાં કર્મથી ધર્મ માર્ગદ્રષ્ટા જગમાં શ્રીકૃષ્ણ નામનો સર્વવ્યાપ છે નારો.
"ચંદ્ર" ચંદ્રકાન્ત હરીલાલ માઢક

(નીવૃત પોલીસ સબ ઈન્સ.)રાજકોટ

### NOG SS N 0089

વિષય " ચિત્રાઈ જઈશ હું તારા રંગે, તું શરુ તો કર થોડા સ્નેહના રંગોથી "
શીર્ષક જુદો રંગ ન લાગે કોઈ
પ્રકાર. ગદ્ય. શબ્દો ૧૪૦

---

તન મનથી રંગાઈ જા અને પછી જો જીવન જીવવાની મજા. એ રંગ પ્રણયનો હોય કે ભક્તિનો ! જીવનને મેઘધનુષ્યના રંગે રંગવા સમર્થ છે.
જુવાનીમાં મળેલો પહેલો પ્યાર અને તેનો પમરાટ આજે પણ જીવવા માટે પૂરતો છે. જુવાની અને બાળકોના કલબલાટથી ઉભરાઈ રહેલી રંગોની ઉજાણી જીવનમાં ચારેકોર ફેલાયેલી નજરે પડે છે.
સમય બદલાય, પ્યારનો રંગ પલાયન થાય. ભક્તિના રંગોની ગંગામાં સ્નાન કરી અંગ અંગ ભિંજાઈ ઉઠી.
શ્રી નાથજીના સ્નેહમાં સાન ભાન ભૂલી. જગની માયા ને પાછળ મેલી. આંખ મુંદીને ગાતી ફરું ઘેલી. જ્યારે જુઓ ત્યારે જવું હવેલી .
કયો રંગ છે સુલઝાવો પહેલી. ખબર નથી કોણે મને હડસેલી. ક્યારે શરુ થઈ, કોણે શરુ કરી , ભક્તિના રંગની જુઓ વાત અનેરી. સ્નેહના રંગોની જાદુગરી. બસ ચિતરાઈ ગઈ , રંગાઈ ગઈ, સાનભાન ભૂલી ગઈ.
શ્રીજીનો સ્નેહ સહુ પર સદા વરસે છે. જેને રંગાવું હોય તે આવો.
પ્રવિણા અવિનાશ

### NOGSS NO: 375

વિષય : ચિત્રાઈ જાઉં તારા રંગેપ.
શીર્ષક : પ્રેમલક્ષણા ભક્તિ
પ્રકાર : પદ્ય શબ્દો : ૭૫

ફક્ત પ્રેમ જ કરું તને હું, તું ભક્તિ કે'નારો ,
ગોવર્ધન ઉપાડીને, ભાર મુજ સથવારો?,

વાંસળી ખૂબ વગાડી, જગાડી ઉપવનને,
ખીલવું હૈયે કેસુડોં ?, વસંત પૂછે મને,

યમુનાતટે મુગ્ધ થઈ , ઝૂમતી ગોપીઓ,
આવશે કામણગારો, થઈને ચાંદલિયો,

લાવજે થોડો ગુલાલ , રંગી દે આ વદન,
તડકે તપી સોનું બની , લીધો શ્યામલ રંગ,

એકપ્રાણ જો આપણે , ફરક કરે ન કોઈ,
તુજ કંઠ પારિજાત હું , તું મુજ હસ્તે નલિન,

બ્રહ્મ શોધ્યું 'તું બ્રહ્માંડે , ઊભું મારી સામે,
બ્રહ્મસંબંધ કૃષ્ણનો , તો પરબ્રહ્મ પામે.
—જાગૃતિ દોશી ,અમેરિકા

# હેં કોના નામે પેન્શન? હેં શું કહ્યું? સની લિયોનને પેન્શન?

' શું કહ્યું?' મેં રાજુને પૂછયું. રાજુએ મને એક ફોર્મ આપ્યું . રાધારાણીના નામે ફોર્મ ભરવા કહ્યું.

' રાજુ, એ કેવી રીતે શક્ય બનશે?' મે અચકાતા અવાજે કહ્યું.

' ગિરધરલાલ, હિંમતે મર્દા તો મદદે ખુદા.' રાજુએ તેની વાતના સમર્થનમાં એક જાણીતી કવિતા કહી. આ કહેવતને રોયલ્ટી કે કોપી રાઈટ લાગુ પડતા હોત તો રાજુના બેંક એકાઉન્ટમાંથી ચાલીસ રૂપિયા વતા અઠ્ઠાવીસ ટકા ગબ્બરસિંહ ટેકસ કપાઈ જતા.

' રાજુ, તારી કહેવતમાં ભૂલ છે. અહીં હિંમતે મર્દાની તો મદદે ખુદા કહેવું પડશે. જો કે, સાત નહીં પણ સિતોતેર ભાયડા ભાંગીને ભગવાન ભોળાનાથે રાધારાણીનું સર્જન કર્યું છે. પછી ભગવાને હાથ ધોઈ નાંખ્યા છે.' મેં રાધારાણીની પ્રસંશામાં કસીદા પઢ્યા.
' ગિરધરલાલ, તમારી વાત મુદાની છે. લાવો તમારો કાન પકડું.' રાજુએ મસ્તી કરી.

' રાજુ, કાંઇ લોચો તો નહીં થાય ને?' મે સંશય વ્યક્ત કર્યો.

' ગિરધરલાલ, તમારી તકલીફ જ આ છે? તમે પચ્છમ બુધ્ધિ છો. બે કદમ ચાલ્યા પહેલાં પારોઠના પગલા ભરવાની વાત કરો છો. રોતો રોતો જાય એ કોઈની મરવાના સમાચાર લાવે . કલેજું સિંહનું રાખો. પછી ભલે શરીર સસલા કે શિયાળનું હોય.' લીકેજ સ્ટવને વારે ઘડીએ પંપ મારવા પડે તેમ રાજુએ મને હિંમતના ઈન્જેકશન આપ્યા.
' રાજુ, હજુ તું વિચારી લે. ગુજરાતમાં હોઈએ તો ગમે ત્યાં છેડા લગાડી શકાય. સાંઠગાંઠ કે મેળાપીપણામાં ભીનું કે કોરું સંકેલી શકાય. આપણને ઉની તો શું ટાઢી આંચ પણ ન આવે. શીરા માટે શ્રાવક બનવાની જેમ પેન્શન માટે પર રાજ્ય અરજી કરવાની.' હજુ મારું મન માનતું ન હતું. મન હૈ કી માનતા નહીં.

' ગિરધરલાલ, આપણે ત્યાં યોજનાનો લાભ લેવા ધુપ્પલ ચાલે છે તેવું ક્યાંય ચાલતું નથી. વિધવા પેન્શન લેવા કુંવારી કન્યા કાગળ પર ગંગા સ્વરૂપ બની જાય છે. દિવ્યાંગનો લાભ લેવા સો ટકા સાજા કાગળ પર અપંગ બની જાય છે. રેશનિંગનું અનાજ લેવા અદાણી કે અંબાણી ગરીબી રેખા નીચે જીવતા પરિવારનું કાર્ડ કઢાવી લે છે. વીમો પકવવા ખાલી ગોડાઉનમાં આગ લગાવી દે છે.' રાજુએ યોજનાની લાલિયાવાડી જણાવી.

' રાજુ સમુહ લગ્નની યોજનાનો લાભ લેવા કુંવારી તો ઠીક પણ વિધવાઓ પણ ફોર્મ ભરે છે. વહેતી ગંગામાં સૌને હાથ ધોવા છે. નહેરું અને સરદારના નામે આયુષ્યમાંથી કાર્ડ બની જાય. પાલતુ શ્વાનના આધાર કાર્ડ કે ફોટો આઈડેન્ટીટી કાર્ડ બની જાય છે. સબ ભૂમિ ગોપાલકી છે. પુષ્પા ઝૂકે કે ના ઝૂકે. પરંતું,દુનિયા ઝૂકતી હૈ, ઝૂકાનેવાલા ચાહિયે. ' મેં કહ્યું.

' ગિરધરલાલ ગુજરાતના દેવભૂમિ દ્વારકા જિલ્લાના શામળાસર ગામે ઈકો સ્માર્ટ વિલેજ યોજના હેઠળ ત્રીસ દિવસમાં ૩.૭૦ એકર જમીનમાં રોપા, ગાર્ડન,કાર્પેટ લોન અને રાણીની ટાંકી કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ આસોપાલવ ગાર્ડન કન્સ્ટલટન્ટને સોંપવામાં આવેલ.એ કંપનીએ એક પણ ઝાડ લગાવ્યા સિવાય કાગળ પર ફૂલછોડ વાવી, પાણીની ટાંકી લગાવી દીધી. રૂપિયા ૧.૨૬ કરોડ ઓહિયા કરી ગયો અને ઓડકાર પણ ન ખાધો.' રાજુએ કલરફૂલ કૌભાંડકથા કહી.
' રાજુ, પાણીની પાઈપ કે ઘરે ઘરે નલ સે જલ લગાડ્યા વિના અધિકારીઓએ કરોડા રૂપિયાના બિલ બનાવી ભાગબટાઈ કરી લીધી.' મે પણ કૌભાંડને આંચ નહીં તેવી કથા બ્યાન કરી.

'ગિરધરલાલ મનરેગા યોજના કૌભાંડોથી ખદબદે છે. કચ્છના જખૌ ગામમાં અછતમાં મનરેગા હેઠળ ગામમાં ૪૧૯૮ જોબકાર્ડ ઈસ્યુ કર્યા હતા. જયારે વાસ્તવિકતા એ હતી કે, કામ તો માંડ ૨૦૦-૨૫૦ જેટલા લોકો કરતા હતા. સરપંચે સસ્તા અનાજની દુકાનમાંથી દસ્તાવેજો મેળવીને બોગસ જોબકાર્ડ બનાવી દીધા હતા. એટલુ જ નહિં, ૨૦૦૮માં હવાબાઈ હસણ વાઘેર નામની મહિલાનું મોત નિપજયુ હતુ. તેમ છતા ૨૦૧૮-૯માં તેમના નામે જોબકાર્ડ બન્યુ અને ચુકવણુ પણ કરાયુ હતુ. કિશોરના નામે પણ જોબકાર્ડ બનાવાયા છે તો એક જ વ્યકિતના નામે પણ બબ્બે જોબકાર્ડ બનાવાયા હતા. એક વ્યકિતના લગ્ન ના થયા હોવા છતા તેની કાલ્પનિક પત્નીના નામે જોબકાર્ડ બનાવાયુ છે. ખાનગી કંપનીમાં નોકરી કરતા વ્યકિતના નામે પણ જોબકાર્ડ બનાવી ગેરરિતી આચરવામાં આવી છે' રાજુએ કબાટમાંથી હાડપિંજર કાઢ્યું

' રાજુ, નવમા ધોરણમાં અભ્યાસ કરતી છાત્રાને સાઈકલ આપવાની યોજના માટે ખરીદવામાં આવેલ સાઈકલોનું વિતરણ કરવામાં ન આવતા સાઈકલો ભંગાર થઈને ખેતરમાં સડે છે. હવે રિપેરિંગના નામે પૈસા સેરવી લેવાશે.' ને સાઈકલ યોજનાના પંકચર પાડ્યું.

' ગિરધરલાલ, સાચા કે કૌભાંડના કાળાકોશી કાળા જ હોય છે.' રાજુએ કહેવત સાથે સત્ય પ્રગટ કર્યુ.

' રાજુ, રાધારાણી છતીસગઢ રાજ્યની રહેવાસી છે એવું ડોમિસાઈલ પ્રમાણપત્ર લાવવાનું શું?' મે રાજુની દરખાસ્તને મંજૂરીની મહોર લગાવતા પૂછયું.

' મેં હું ના. ફિકર નહીં કરને કા.ટેન્શન નહીં લેને કા. ટેન્શન દેને કા મંગતા હૈ.' રાજુએ ફિલ્મી સ્ટાઈલથી મને હિંમત રાખવા કહ્યું.રાજુને કોણ કહે કે તારા કોઠાકબાડાથી ફિકર કે ટેન્શન થાય છે. દરેક વખતે રાજુના જાસામાં આવીને મે તન, મન અને ધન ગુમાવ્યું છે.

' રાજુ, રાધારાણીને પેન્શન મેળવવા છતીસગઢમાં જ અરજી કરવાનો કેમ હઠાગ્રહ કરે છે. પેન્શન મેળવવા ગુજરાત નહીં તો રાજસ્થાન-મહારાષ્ટ્રમાં અરજી કરી ન શકાય?' મેં રાજુને સવાલ કર્યો.

' ગિરધરલાલ, છતીસગઢમાં મહતારી વંદન યોજના નામની યોજના ચાલે છે. જેમાં દર મહિને મહિલાના બેંક ખાતામાં એક હજાર રૂપિયા જમા કરવામાં આવે છે.' રાજુએ સરકારી પ્રવક્તા જેમ યોજનાની વિગતો આપી.

' રાજુ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મારી લાડલી બહેના યોજના ગેમ ચેન્જર સાબિત થઈ છે. આ એક રેવડી છે. મહિલાના મતો અંકે કરવા ચૂંટણીના ચાર પાંચ મહિના પહેલાં યોજનાની જાહેરાત કરી તેનો ચટ મંગની પટ બ્યાહ ધોરણે અમલ થાય છે. મેં ચૂંટણી જીતવાના કોઠાની વાત કરી.

' છતીસગઢ રાજ્યની આ યોજનાનો અમલ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મહિલા લઈ રહી છે. ન કાગજ, ન રપટ. છતાં જોરદાર કપટ! સની લિયોન નામની અભિનેત્રીના તથાકથિત બેંક એકાઉન્ટમા દસ હજારથી વધુ રૂપિયા જમા થયા છે. સની વિધવા નથી. સની મેઈકઅપ પાછળ લાખો રૂપિયા ખર્ચ કરતી હશે. સની માટે એક હજાર રૂપિયા તો ઉંટના મોઢે જીરૂ નહી પણ લિપસ્ટિક કહેવાય!સની લિયોનને છતીસગઢ સાથે સ્નાન સૂતક કે અન્ય કોઈ સંબંધ નથી. વિપક્ષી નેતા કરીના કપૂર, માધુરી દિક્ષીત, હેમાં માલિનીના ખાતામાં પૈસા જમા થતા હશે તેવી આશંકા વ્યક્ત કરે છે' રાજુએ લોચાલાપશીની કથા કહી.

' રાજુડા, હવે તું આદમઈવના નામે ફેમસ ઈવના નામે પણ યોજનાનું ફોર્મ ભરી નાંખ.એટલે ભ્રષ્ટાચારની ગંગા નાહ્યા .'મે રાજુ રદીને ખુલ્લેઆમ આહ્વાન આપ્યું.

ભરત વૈષ્ણવ

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી એ વેસ્ટઝોન વોલીબોલ (બહેનો)ની સ્પર્ધામાં મેળવ્યો સિલ્વર મેડલ




શ્રી કૌશલદાસ યુનિવર્સિટી, હનુમાનગઢ રાજસ્થાનના યજમાનપદે યોજાયેલ વેસ્ટઝોન ઈન્ટર યુનિવર્સિટી વોલીબોલ (બહેનો) ની સ્પર્ધા યોજાઈ હતી. તેમાં કુલ ૮૨ ટીમોએ ભાગ લીધો હતો. તેમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની વોલીબોલ (બહેનો)ની ટીમે ઉત્કૃષ્ટ દેખાવ કરી દ્વીતીય સ્થાન મેળવી સિલ્વર મેડલ મેળવ્યો હતો. વેસ્ટઝોન ઈન્ટર વોલીબોલ (બહેનો) યુનિવર્સિટી ઑલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટીની વોલીબોલ (બહેનો)ની સ્પર્ધા માટે ક્વોલીફાઈ કર્યુ હતુ. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ફિઝીકલ એજ્યુકેશનના ડાયરેક્ટર પ્રો. (ડૉ.) રણછોડ રથવી એ જણાવ્યુ હતુ કે, વેસ્ટઝોન ઈન્ટર યુનિવર્સિટીમાં કુલ ૮૨ ટીમોએ ભાગ લીધો હતો, તેમાંથી સિલ્વર મેડલ મેળવી ઑલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટીની બેસ્ટ ૪ ટીમોમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીની ટીમ પસંદગી પામેલ છે.

આવી શ્રેષ્ઠ સિધ્ધી મેળવવા બદલ અને ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ વોલીબોલ બહેનોની ટીમને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિશ્રી ડૉ. મનિષ રાવલ સાહેબ અને યુનિવર્સિટીના ફીઝીકલ એજ્યુકેશનના ડાયરેક્ટર પ્રો. (ડૉ.) રણછોડ રથવી અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી પરિવારે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીનું અને સમગ્ર ગુજરાતનું ગૌરવ વધારવા બદલ અભીનંદન પાઠવ્યા હતા. અને ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટીની બહેનોની મધ્યપ્રદેશના રેવા ખાતે ભાગ લેવા માટે શુભેચ્છા આપી હતી.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વોલીબોલ બહેનોની ટીમના કોચ મેનેજર તરીકે ડૉ. સંગીતા વાળા અને શ્રી દીપ રાવલ એ સેવા આપી હતી. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વોલીબોલ બહેનો ટીમના સભ્ય નીચે પ્રમાણે હતા. (૧) ઝાલા પ્રિયંકાબેન (૨) પાન્ડે મેહેક (૩) ચૌધરી સિયાન્સી (૪) ગોજીયા વૈભુતી (૫) વાળા ઉષાબેન (૬) સાવલીયા ફેનીબેન (૭) જૈન ઈશા (૮) વાળા દિયાબેન (૯) પટેલ અંશીબેન (૧૦) ઝાલા મનિષાબેન (૧૧) વાળા દિશાબેન (૧૨) ઢોડીયા કૃપાલી

### ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી દ્વારા આયોજિત

# બાયોથોન ૨૦૨૫માં નિરમા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ રાઈઝિંગ સ્ટાર્ટઅપ આઈડિયા કેટેગરીમાં શ્રેષ્ઠ ઈનોવેશન આઈડિયા એવોર્ડ




૨૦મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી (જીબીયુ) ખાતે આયોજિત બાયોથોન ૨૦૨૫માં નિરમા યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્મસીના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર માઈલસ્ટોન હાંસલ કર્યો હતો.સુશ્રી અદિતિ ગુપ્તા, સુશ્રી આબીર પ્રામાણિક, સુશ્રી ધ્રુવી બુવરીયા અને સુશ્રી હિતવાંક્ષી પટેલની બનેલી ટીમે રાઈઝીગ સ્ટાર્ટઅપ આઈડીયા કેટેગરીમાં પ્રતિષ્ઠિત શ્રેષ્ઠ ઈનોવેશન આઈડીયા એવોર્ડ મેળવ્યો હતો. ડૉ. નિયતિ આચાર્યના માર્ગદર્શન હેઠળ, વિદ્યાર્થીઓએ ટકાઉ, ઉચ્ચ-મૂલ્યવાળા ન્યુટ્રાસ્યુટિકલ્સ અને વેગન પ્રોટીનનું ઉત્પાદન કરવા માટે માઈક્રોએલ્ગીના મેટાબોલિક એન્જિનિયરિંગના ઉદ્દેશ્ય સાથે તેમના ગ્રાઉન્ડબ્રેકિંગ પ્રોજેક્ટથી જ્યુરીને પ્રભાવિત કર્યા.તેમના નવીન અભિગમમાં પ્રોટીન અને લિપિડના ઉત્પાદનને વધારવા માટે નબળા કોષની દિવાલો સાથે એન્જિનિયરિંગ સૂક્ષ્મ શેવાળના તાણનો સમાવેશ થાય છે, જેનાથી અસરકારક પ્રોટીન નિષ્કર્ષણના પડકારનો સામનો કરવો પડે છે. પ્રોજેક્ટની તેની મૌલિકતા, વ્યવહારુ સુસંગતતા અને ન્યુટ્રાસ્યુટિકલ અને બાયોટેક ઉદ્યોગો પર સંભવિત અસર માટે પ્રશંસા કરવામાં આવી હતી. આ પુરસ્કાર બાયોટેકનોલોજી અને ટકાઉ વિકાસના ક્ષેત્રમાં યુવા દિમાગના વધતા યોગદાન પર વધુ ભાર મૂકે છે.

આ સિદ્ધિ ઉભરતા સંશોધકોની ક્ષમતાઓ અને નવીન વિચારો દ્વારા અર્થપૂર્ણ પરિવર્તન લાવવાની તેમની સંભવિતતાને પ્રકાશિત કરે છે.

# ગણપત યુનિવર્સિટીની ફાર્મસી કોલેજ દ્વારા " કેરિયર કાઉન્સિલિંગ એક્સપર્ટ સેશન "નું આયોજન.

**બી.ફાર્મ અને એમ.ફાર્મના મળીને ૮૦ જેટલાં અભ્યાસુ વિદ્યાર્થીઓએ લીધો લાભ. ગણપત યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટીની " શ્રી એસ.કે.પટેલ કોલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ " ( કોલેજ )દ્વારા તાજેતરમાં એક કેરિયર કાઉન્સિલિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૮૦ જેટલાં અન્ડર ગ્રેજ્યુએટ્સ અને માસ્ટર કક્ષાના - એમ બંને કક્ષાના વિદ્યાર્થીઓ માટે યોજાઈ ગયેલા આ " કેરિયર કાઉન્સિલિંગ સેશનમાં ચર્ચા વિચારણાનું મુખ્ય થીમ હતું- " ટ્રાન્ઝીશન ફ્રોમ યુનિવર્સિટી ટુ ઈન્ડસ્ટ્રી : ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટિસ " કુસુમ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ, ન્યૂ દિલ્હીના એચ આર લીડર શ્રી કૈરવ વડગામાએ સેશનના મુખ્ય નિષ્ણાત તરીકે વિદ્યાર્થીઓ સાથે વિચાર વિમર્શ કર્યો હતો. શ્રી કૈરવ વડગામાએ આ પ્રોસેસમાં કેવા કેવા પડકારોનો સામનો કરવો પડે છે તેના વિશે વિગતે છણાવટ કરી હતી જેમાં ઈન્ડસ્ટ્રીના સતત વિકાસ માટે એચ આર ટીમ શું કરી શકે તેની પણ ચર્ચાનો સમાવેશ થતો હતો. કોલેજના પ્રોફેસર ડોક્ટર સતીશ એ. પટેલે આ સેશનનું પ્લાનિંગ અને સંચાલન કર્યું હતું.**

# ડાંગ જિલ્લામા રૂ.૧૮.૭ કરોડના ૨૦.૧ કિલોમીટર લંબાઈના કુલ 3 માર્ગો મંજૂર કરતી રાજ્ય સરકાર



આહવા

ડાંગ જેવા દુર્ગમ પ્રદેશમા ગ્રામીણ પ્રજાજનોની સુખાકારી માટે સતત ચિંતિત રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા, જુદા જુદા ૩ અંતરિયાળ માર્ગો માટે જોબ નંબર ફાળવાયા છે. ડાંગના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલની રજુઆતો પ્રત્યે રાજ્ય સરકારે સકારાત્મક અભિગમ દાખવી, સને ૨૦૨૪/૨૫નાં વર્ષની બજેટ ઉચ્ચક જોગવાઈ હેઠળના વધુ ૩ માર્ગોના કામો મંજુર કર્યા છે. આ માર્ગોનું હયાત ૩.૭૫ મીટર માંથી ૫.૫૦ મીટર પહોળાઈમાં માટી કામ, મેટલ કામ, નાળાકામ, રોડ સેફ્ટી અને ફર્નિચર, પ્રોટેક્શન વોલ વિગેરે કામગીરી થતા વાહન માલિકોને મોટી રાહત મળી રહેશે. જે માર્ગોના કામો મંજૂર થયા છે તેમા, (૧) કોસંબીયા અંજનકુંડ રોડ, (૨) ગડદ ટુ ડોન રોડ ચે ૦/૦ થી ૮/૨૦ કિ.મી અને (૩) કાલીબેલ બરડીપાડા રોડનો સમાવેશ કરાયો છે.

# ડાંગ જિલ્લાના આહવા ખાતે પુર વિષયક સંયુક્ત મોકડ્રીલ યોજાઇ

: આહવા:

ગૃહ મંત્રાલય તેમજ ૬ એન.ડી.આર. એફ બટાલિયાન અને ડાંગ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આહવાના તળાવ (બંધારા) ખાતે સંયુક્ત મોકડ્રીલ યોજવામાં આવી હતી.

તા.૨૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર શ્રી બી.બી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લાના આહવા તળાવ ખાતે સયુંકત મોક અભ્યાસ કરવામાં આવ્યો. જેમાં જિલ્લા વહીવટી તંત્ર તેમજ એન.ડી.આર.એફ.ટીમ દ્વારા તા.૨૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ ટેબલ ટોપ એક્સરસાઈઝ કરવામાં આવી હતી.

જેમાં ડેપ્યુટી.કમાન્ડરશ્રી દ્વારા વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓને પોતાના વિભાગે કરવાની થતી કાર્યવાહીથી અવગત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તા.૨૨ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ આહવા તળાવ ખાતે આયોજન મુજબ આહવા તળાવમાં નાહવા પડેલ ૪ વ્યક્તિ અચાનક પાણી વધી જતાં ફસાઈ ગયેલ હોય તેમને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ૧ વ્યક્તિને બચાવવામાં આવ્યા તેમજ અન્ય ૩ ફસી ગયેલ વ્યક્તિઓને બચાવવા માટે દ્વદ્વઈહ્વ ટીમ દ્વારા બચાવની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ડૂબતા વ્યક્તિને બચાવની કામગીરી તેમજ પાણીની અંદર ફસી ગયેલ વ્યક્તિને ડીપ ડાયવિંગ કરીને બચાવની કામગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.




આ સંયુક્ત મોકડ્રીલ યોજવા માટે સરકારશ્રીનો મુખ્ય હેતુ ભારે વરસાદના સમયે અવાર-નવાર બનતી દુર્ઘટનાઓને તાત્કાલિક નિવારણ માટે તેમજ પ્રવાસન સ્થળોએ ચાલતી વિવિધ પ્રવુત્તિઓની સલામતી તેમજ સુરક્ષાને ધ્યાને રાખી મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે.આ પ્રસંગે ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર શ્રી બી.બી.ચૌધરી, ૬-બટાલીયન નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ફોર્સના ડેપ્યુટી કમાન્ડર શ્રી અજય કુમાર, પ્રાંત અધિકારી સુ.શ્રી કાજલ આંબલીયા, આહવા મામલતદાર શ્રી યોગેશ ચૌધરી, ડી.પી.ઓ.ડીઝાસ્ટર શ્રી ચિંતન પટેલ, તેમજ પોલીસ, ૧૦૮, આરોગ્ય, ફાયર તથા ડી.જી.વી.સી.એલ. ફોરેસ્ટ વિભાગનાં સંબંધિત અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# સેન્ટ્રલ જ્યુડિશિયલ કમિશન ધ્વારા લોકોની સર્વદા સર્વ શ્રેષ્ઠ સેવા અને સુરક્ષાના શપથ લેવામાં આવ્યા

અમે સેન્ટ્રલ જ્યુડિશિયલ કમિશનના સભ્યો છીએ અને અમારું સૂત્ર,( સર્વદા સર્વ શ્રેષ્ઠ સેવા અને સુરક્ષા) આ વાક્ય અમારું કાર્યવ છે અમારો હેતુ અને અમારું સુત્ર અમને માર્ગદર્શન આપે છે દરેક વ્યક્તિને મફત કાનૂની સહાય મળવી જોઈએ જેથી કરીને કોઈ ન્યાયથી વંચિત ન રહે, અમે ભારત ના દરેક રાજ્ય અને જિલ્લામાં કાનૂની સહાય કેન્દ્રની સ્થાપના કરવાં જઈ રહ્યા છીએ તથા અમે જરૂરિયાતમંદ લોકોને કોઈપણ ચાર્જ વગર તમામ કાનૂની બાબતો પર વસ્તુઓ મેળવો અમે ખાસ કરીને મહિલા અધિકારો, બાળકો, દલિતો અને આદિવાસીઓનું રક્ષણ ના અધિકારો માટે કામ કરી રહ્યા છીએ.અમારા કાનૂની શિબિરમાં લોકો નિષ્ણાતોને મળે છે સલાહ સૂચનો લઈ અને અમારા વકીલો દ્વારા કોઈ પણ કેશ કોર્ટમાં રજૂઆત કરવી અમારા પ્રયાસો થકી, ગરીબ તથા પછાત વર્ગ નાં પરિવારો નુ જીવન હંમેશ માટે બદલાઈ ગયું છે, બધાને શ્રેષ્ઠ સેવા અને સલામતીના સિદ્ધાંત હેઠળ, અમે નાગરિકોને ન્યાય અપાવવા કટિબદ્ધ છીએ.

# અમદાવાદ ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહેતા ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન દ્વારા ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે આયોજિત હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ભારતમાતા કી જય અને વંદે માતરમના પ્રચંડ જયઘોષ સાથે સંબોધનની શરૂઆત કરી નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ નિમિત્તે તેમનું સ્મરણ કરતાં જણાવ્યું હતું કે, ૧૮૫૭ થી ૧૯૪૭ સુધીના ૯૦ વર્ષના આઝાદીના સંગ્રામમાં નેતાજી ચમકતા ધ્રુવ તારા સમાન છે, તેઓએ પોતાનું સંપૂર્ણ જીવન દેશની આઝાદી માટે સમર્પિત કર્યું, આઝાદ હિંદ ફોજ થકી આઝાદી માટે પ્રચંડ પુરુષાર્થ કર્યો. નેતાજી સુભાષચંદ્ર બોઝ યુગો યુગો સુધી ભારતના યુવાનો માટે દેશભક્તિ, ચારિત્ર્ય અને સમર્પણના ગુણો માટે પથપ્રદર્શક રહેશે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, આજે શ્રી ભૈયાજી જોશી અને પૂજ્ય પરમાત્માનંદજીના હસ્તે હિન્દુ અધ્યાત્મિક અને સેવા મેળાનું ઉદ્ઘાટન થયું છે. આ મેળા થકી ૨૦૦ થી વધુ હિન્દુ સેવાકીય સંસ્થાઓ કે જેઓએ અનેક વર્ષોથી મુકસેવક બની આધ્યાત્મ અને સેવાના અનેક કાર્યો કર્યા છે તેને એક મંચ પર લાવવાનું કાર્ય આયોજકો દ્વારા કરવામાં આવ્યું છે. આ મેળા થકી સમગ્ર હિન્દુ સમાજની સેવા તાકાતને સમાજ સમક્ષ મુકવાનું કાર્ય થયું છે. પારિવારિક મૂલ્યોના ઉધ્વગમન, સાતત્ય, સંરક્ષણ અને સંવર્ધન માટે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનો સમગ્ર દેશમાં ખૂબ મોટો રોલ છે. સ્વામી દયાનંદ સરસ્વતીજીની કલ્પનાને જમીન પર ઉતારવા માટે સંઘના વિચારક ગુરુમૂર્તિજીના યોગદાનનું શ્રી શાહે સ્મરણ કર્યું હતું અને કહ્યું કે ત્યાંથી લઈને અત્યાર સુધી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અનેક કાર્યકર્તાઓએ આ સંસ્થાને નક્કર સ્વરૂપ આપ્યું છે.

શ્રી શાહે ગુજરાતના સર્વ નાગરિકોને પ્રયાગરાજ ખાતે આયોજિત મહાકુંભમાં પરિવારના યુવાનો અને કિશોરો સાથે પવિત્ર ગંગાસ્નાનનો લ્હાવો લેવા અપીલ કરતા જણાવ્યું હતું કે, આ વર્ષે પ્રયાગરાજમાં ૧૪૪ વર્ષમાં એક વખત આવતા મહાકુંભનું આયોજન થયું છે, દેશભરના ૪૦ કરોડ લોકો તેમજ લાખો વિદેશીઓ સ્વયંભૂ જેની મુલાકાત કરી રહ્યા છે એવા મહાકુંભના ભવ્ય આયોજનને દુનિયાભરના નાગરિકો આશ્ચર્યચકિત થઈને જોઈ રહ્યા છે. આ ભવ્ય અને સુંદર આયોજનમાં સરકાર ઉપરાંત અનેક સંતો મહંતો અને ધાર્મિક સંસ્થાઓનો ખૂબ જ મોટો ફાળો છે. મહાકુંભમાં કુળ, જાતિ કે સંપ્રદાય થી પર થઈને કરોડો લોકો માં ગંગામાં પવિત્ર સ્નાન માટે આવે છે. મહાકુંભ એક પ્રકારે વિશ્વભરનો સૌથી મોટો સમરસતા અને એકતાનો સંદેશ છે. તેઓએ કહ્યું કે તેઓને તેમના જીવનકાળમાં નવ કુંભમાં સ્નાન કરવાનું સૌભાગ્ય મળ્યું છે અને આ વર્ષે આયોજિત મહાકુંભમાં તેઓ ૨૭ જાન્યુઆરીએ મુલાકાત કરવાના છે.

શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે, આજે દેશમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી છે. દસ વર્ષમાં મોટું પરિવર્તન આવ્યું છે અને આપણી વિચારધારાના અનેક વર્ષોથી પડતર કાર્યો પૂર્ણ કરવાનું કામ થયું છે. આઝાદી પછી સાત દશકા સુધી જે કામો ને કોઈએ હાથ લગાવવાની હિંમત નહોતી કરી તે છેલ્લા દસ વર્ષમાં શ્રી મોદીજીના નેતૃત્વમાં પૂર્ણ થયા છે અને ભારત ગૌરવ સાથે દુનિયા સમક્ષ ઉભુ છે. કાશ્મીરમાંથી કલમ ૩૭૦ ની સમાપ્તિ, ૫૫૦ વર્ષની પ્રતીક્ષા બાદ અયોધ્યામાં શ્રીરામના ભવ્ય મંદિર નિર્માણ, ત્રીપલ તલાક નાબૂદી, કાશી વિશ્વનાથ કોરિડોર, સોમનાથ મંદિર સહિતના મંદિરોનેને ભવ્ય બનાવવાનું કાર્ય થયું છે. ૪૨૦ સમિટમાં વિશ્વ નેતાઓ મહાત્મા ગાંધીજીની સમાધિ પર મતમસ્તક થઈ શ્રદ્ધાંજલિ અર્પે, વિશ્વના ૧૭૦ થી વધુ દેશ યોગનો પ્રચાર પ્રસાર કરે,યોગનું શિક્ષણ સ્વીકારે તે ભારત માટે ગર્વની બાબત છે. કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા દુનિયામાં ભારતથી બહાર લઈ જવાયેલી ૩૫૦ થી વધુ પ્રાચીન મૂર્તિઓ અને કલાકૃતિઓને વતન પરત લવાઈ છે. કેન્દ્ર સરકારે ભારતની ભાષા, ધર્મસ્થાનો, ભારતની સંસ્કૃતિને વિશ્વમાં પહોંચતી કરવાની બાબતમાં પાછું વળીને ક્યારેય જોયું નથી.

હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળા નો ઉલ્લેખ કરતા શ્રી શાહે જણાવ્યું હતું કે, જેમણે દેશભરમાં ૨૮૦ થી વધુ ધર્મસ્થાનો કે જે આક્રમણખોરોએ તોડી પાડેલા તેનો પુનરોદ્ધાર કરવાનું કાર્ય કર્યું, સોમનાથ મહાદેવ કાશી વિશ્વનાથ મંદિર કાશીના અનેક ઘાટો સહિત અનેક સ્થાનો પર તેમને પુનરોદ્ધારનું કાર્ય કરાવ્યું, જે ઘનઘોર અંધકારમાં ચમકથી વીજળી સમાન હતા એવા પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકરના જીવન કવનનો સ્ટોલ યુવાનો અને મહિલાઓ માટે તેમજ તૈયાર કરાયેલ વનવાસી ગામમાં આદિવાસીઓની જીવનપદ્ધતિને નિહાળવાનો અનુભવ નાગરિકો માટે ખૂબ જ્ઞાનવર્ધક સાબિત થશે. આ મેળાના માધ્યમથી ભારતીય રમતોને પુનર્જીવિત કરવાનો પ્રયાસ પણ કરાયો છે.

શ્રી શાહે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, શ્રી ગુણવંતભાઈ, શ્રી ઘનશ્યામભાઈ સહિત તમામ આયોજકોને આ ભવ્ય હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનું આયોજન કરવા બદલ અને આમંત્રિત કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને મેળાની સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી. અનેક પરિવાર સંસ્થાઓએ ભારતને સમગ્ર વિશ્વમાં અદ્વિતીય બનાવ્યું, આક્રમણકારોના દમન અને લાંબા ગુલામીકાળ દરમ્યાન પણ આપણી હિન્દુ મૂલ્યને સાચવવાનું કામ કર્યું છે. આ મેળા થકી હિન્દુ સમાજના વિરાટ અવિરત સેવાયજ્ઞના દર્શન કરાવવાનું કાર્ય થયું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.